આધાર નોંધણી કામગીરી અંતર્ગત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન કક્ષાએ આધાર સેવિંગ્સ બેંક એકાઉન્ટ ખોલવા મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

ઠરાવ ક્ર: WCDD/IMR/e-file/23/2022/0019/B (ICDS)

સચિવાલય, ગાંધીનગર.

સંદર્ભ–

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના પત્ર ક્રમાંક: આઈસીડી-૧૧૨૦૧૯-૪૧૯-બ-૧ તા.૬/૧૨/૨૦૧૯

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા:૦૫/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્ર: WCDD/IMR/e-file/23/2022/0019/B (ICDS)

(૩) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા:૨૦/૦૨/૨૦૨૩ના ઠરાવ ક્ર: WCDD/IMR/e-file/23/2022/0979/B (ICDS)

(૪) નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર ના તા: ૦૮/૦૮/૨૦૨૩ના પત્ર ક્ર: **ICDS/0529/07/2023**

આમુખ:

વંચાણે લીધેલ (૧) થી આધાર જનરેશનની રકમ માટે રાજ્ય કક્ષાએ યોજના અંતર્ગતની સેવાઓના ખર્ચની નોંધણી હેઠળનું બેંક સેવિંગ્સ એકાઉન્ટ ખોલવવાની મંજૂરી આપવામાં આવેલ. વંચાણે લીધેલ (૨)થી જીલ્લા કન્સલ્ટન્ટ અને આધાર નોંધણી ઓપરેટરોને પગાર ચૂકવવા તેમજ અન્ય ખર્ચ કરવા અંગેની રકમ જીલ્લા કક્ષાએ ફાળવવા માટે આઈસીડીએસ ૩૩ જીલ્લા કક્ષાએ અને ૭ મ્યુનિસપલ કોર્પોરેશન કક્ષાએ આધાર કામગીરી અંતર્ગત આધાર સેવિંગ્સ બેંક એકાઉન્ટ ખોલાવવા મંજુરી આપેલ હતી. વંચાણે લીધેલ (૩) થી ગાંધીનગર જીલ્લા પંચાયત હસ્તકની ગ્રામ્ય વિસ્તારમાં આવેલ આંગણવાડીઓ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને તબદીલ કરવામાં આવેલ છે. જેથી વંચાણે લીધેલ (૪)થી નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી, ગાંધીનગર દ્વારા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન કક્ષાએ આધાર કામગીરી અંતર્ગત ૧ આધાર સેવિંગ્સ બેંક એકાઉન્ટ બે અધિકૃત હસ્તાક્ષરકર્તાના નામે ખોલાવવાની મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાના અંતે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્ય કક્ષાએ બેંક ઓફ બરોડામાં ખોલાવેલ એકાઉન્ટને મુખ્ય એકાઉન્ટ જાહેર કરી તેની નીચે બેંક ઓફ બરોડામાં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન કક્ષાએ Zero Balance Subsidiary Account ખોલાવવાની નીચે મુજબની શરતોની આધીન મંજૂરી આપવામાં આવે છે.

૧.જે હેતુ માટે બેન્ક એકાઉન્ટ ખોલવાની મંજૂરી માંગેલ છે તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.

૨.બેંક એકાઉન્ટમાં જમા રહેલ રકમમાંથી થયેલ ખર્ચ અને હિસાબોનું નિયમોનુસાર ઓડિટ કરવાનું રહેશે.

૩.સદર ખાતામાંથી ચૂકવણી કરવા કચેરી દ્વારા અધિકૃત કરાયેલ બે અધિકારી / કર્મચારીની સહી કરાવવાની રહેશે.

૪.યોજનાનું ઓડિટ નિયમિતપણે કરવાનું રહેશે તેમજ તેનો અહેવાલ નાણાં વિભાગને મોકલવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૯-૧૦-૨૦૨૩ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. આઇ. લેઉવા)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન.મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. સચિવશ્રી (આર્થિક બાબતો), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
6. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરી, ગાંધીનગર.
7. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશમ, ગાંધીનગર.
8. એકાઉન્ટન્ટ જનરલ શ્રી (અમદાવાદ/રાજકોટ)
9. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
10. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
11. પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ), ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, ગાંધીનગર.
12. સિસ્ટમ મેનેજર – વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
13. સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.11.06
23:18:27 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign